પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૧૫ | ૨૬ જાન્યુઆરી, ૨૦૧૬, મંગળવાર ; પોષ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આજે દેશભરમાં પ્રજાસત્તાક દિન ઉત્સાહપૂર્વક ઉજવાશે

## ગુજરાતના પ્રતિભાસંપન્ન ચાર મહાનુભાવોને પદ્મ ઈલ્કાબ

**સ્વ. ધીરુભાઈ અંબાણીને મરણોત્તર પદ્મવિભૂષણ અને ભીખુદાન ગઢવી, ડાહ્યાભાઈ શાસ્ત્રી અને ડો. સુધીરભાઈ શાહને પદ્મશ્રી ઈલ્કાબ**



ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતના પનોતા પુત્ર અને ઉદ્યોગપતિ સ્વ. ધીરુભાઈ અંબાણીને મરણોત્તર પદ્મવિભૂષણ અને જાણીતા લોક સાહિત્યકાર શ્રી ભીખુદાન ગઢવી, ડૉ. સુધીર શાહ અને શ્રી ડાહ્યાભાઈ શાસ્ત્રીને પદ્મશ્રી અર્પણ કરવામાં આવશે.

દેશના સર્વોચ્ચ ગણાતા પદ્મ પુરસ્કારની યાદી આજે ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવી છે. પદ્મ પુરસ્કાર પ્રાપ્ત કરનાર મહાનુભાવોની યાદીમાં ગુજરાત સાથે જોડાયેલા ચાર મહાનુભાવોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગુજરાતના પનોતા પુત્ર અને રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના સ્થાપક સ્વ. ધીરુભાઈ અંબાણીને મરણોત્તર પદ્મવિભૂષણથી નવાજવામાં આવશે. જ્યારે ગુજરાતના જાણીતા લોક સાહિત્યકાર શ્રી ભીખુદાન ગઢવીને પદ્મશ્રીથી નવાજવામાં આવશે.

આ ઉપરાંત ખ્યાતનામ ન્યુરોસર્જન ડૉ. સુધીર શાહ તથા સમાજસેવક અને બ્રહ્મશ્રી સંસ્થાના સ્થાપક શ્રી ડાહ્યાભાઈ શાસ્ત્રીને પણ પદ્મશ્રી અર્પણ કરવામાં આવશે. ગુજરાતના વિવિધ ક્ષેત્રના ચાર મહાનુભાવોને પણ પુરસ્કાર એનાયત કરવામાં આવશે તે ગુજરાત માટે ગૌરવની વાત છે.

## હુમલાની દહેશત વચ્ચે આજે પ્રજાસત્તાક દિવસની ઉજવણી : ફ્રાન્સ પ્રમુખ ફ્રાન્સવા ઓલાન્દે આજે ખાસ મહેમાન રહેશે : ઐતિહાસિક રાજપથ-લાલકિલ્લા વચ્ચે પરેડના માર્ગ પર લોકોની ગતિવિધિ પર નજર રાખવા ક્લોઝ સર્કિટ કેમેરા

નવી દિલ્હી, તા. ૨૫

દેશભરમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણીની તમામ તૈયારીઓ આજે પરિપૂર્ણ કરી લેવામા આવી છે. આવતીકાલે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા અને કેટલીક જગ્યાઓએ ઉજવણીનો બહિષ્કાર કરવાની હાંકલ અને ત્રાસવાદી હુમલાની દહેશત વચ્ચે પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. મુખ્ય



ઉજવણીમાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી, વડાપ્રધાન નરેન્દર મોદી તથા તેમના કેબીનેટના પ્રધાનો રહેશે. આ વર્ષે ફ્રાન્સના પ્રમુખ ફ્રાન્સવા ઓલાન્દે મુખ્યમહેમાન બની રહ્યા છે. ગયા વર્ષે અમેરિકી પ્રમુખ બરાક ઓબામા મુખ્ય મહેમાન બન્યા હતા. આઈએસ અને અન્ય ત્રાસવાદી સંગઠનની હુમલાની દહેશત વચ્ચે પ્રજાસત્તાક દિવસની ઉજવણીને

● અનુસંધાન પાન-૫ પર

## ગાંધીનગર સમાચાર — અંક બંધ

આજે પ્રજાસત્તાક પર્વ નિમિત્તે તા. ૨૬-૧-૨૦૧૬ને મંગળવારના રોજ ગાંધીનગર સમાચાર કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે. જેથી તા. ૨૭-૧-૨૦૧૬ને બુધવારનો અંક પ્રગટ થશે નહિં. જેની વાંચક, વિતરક અને વિજ્ઞાપનદાતા પરિવારોને નોંધ લેવા વિનંતી.

- વ્યવસ્થાપક

## તલાલાના ધારાસભ્ય જશુભાઈ બારડનુ દુ:ખદ અવસાન



ગાંધીનગર તા ૨૫

ગુજરાત વિધાનસભા તલાલા ગીર બેઠકના ધારાસભ્ય જશુભાઈ બારડનુ આજે માંદગીના અંતે દુખદ અવસાન થયુ હતુ. તેમના અવસાનથી કોંગ્રેસ પક્ષ સહિતના રાજકીય વર્તુળમાં ઘેરાશોકની લાગણી પ્રવર્તી છે. અગાઉ પાણી પુરવઠા મંત્રી અને એમ પી રહી ચુકેલા અને હાલ એમ એલ એ તરીકે પ્રજાહીતના કામો અને સેવાકાર્યમાં જોડાયેલા સ્વ જશુભાઈના અવસાનથી જુનાગઢ જિલ્લા સહીત સૌરાષ્ટ્રના વિસ્તારોમાં પણ ભારે શોકની લાગણી વ્યાપી છે.

કોંગ્રેસ પક્ષના તાલાલા ગીર વિધાનસભાના ધારાસભ્ય જશુભાઈ ધાનાભાઈ બારડનુ આજે ૬૦ વર્ષની વયે અવસાન થતા કોંગ્રેસ પક્ષ

● અનુસંધાન પાન-૫ પર

## પદમારાણી જીવનથી રિટાયર્ડ થાય છે

**પૃથ્વી પરની એન્ટ્રી અને એક્ઝિટ એક જ તારીખે ! : મુંબઈની વૉકહાર્ટ હોસ્પિટલમાં ફેફસામાં વાયરલ ઈન્ફેક્શનની સારવાર દરમિયાન દુ:ખદ અવસાન**

(હિરેન ભટ્ટ દ્વારા) ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતી નાટકો અને ફિલ્મોના 'બા' પદમારાણી આજે આ પૃથ્વી પરથી 'રિટાયર્ડ' થઈ ગયા છે.



આજે બપોરે ૩.૦૦ વાગ્યાના સુમારે મુંબઈની વૉકહાર્ટ હોસ્પિટલના બિછાનેથી તેમણે ૭૯ વર્ષની વયે ફાઈનલ એક્ઝિટ લઈ લીધી છે. યોગાનુયોગે આજે જ; એટલે કે ૨૫મી જાન્યુઆરી તેમનો જન્મદિવસ હતો. પૃથ્વી પર એન્ટ્રી અને એક્ઝિટ એક જ દિવસે કરીને 'બા' જતાં-જતાં પણ બાઉન્ડ્રી મારતા ગયા ! ફેફસાંમાં વાયરલ ઈન્ફેક્શનને કારણે પદમારાણીને છેલ્લા કેટલાક દિવસોથી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. આ સિવાય તેઓ સ્વસ્થ અને પ્રવૃત્ત હતા. ગઈકાલે; રવિવારે તેમની તબિયત વધુ લથળી હતી, અને મોડી રાતથી તેઓ ગંભીર હોવાના સમાચારો વહેતા થયા હતા. આજે બપોરે ૩.૦૦ વાગ્યાના અરસામાં તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.

પદમારાણી 'બા રિટાયર થાય છે' અને 'બા એ મારી બાઉન્ડ્રી' નાટકોના મંચન માટે ગાંધીનગર પધાર્યા હતા અને ગાંધીનગર કલ્ચરલ ફોરમના માધ્યમથી ગાંધીનગરના નાગરિકોને તેમના આ બન્ને અવિસ્મરણીય નાટકો માણવાનું સદ્ભાગ્ય પણ પ્રાપ્ત થયું છે.

● અનુસંધાન પાન-૫ પર













